કેસ દાખલ તા.:૨૨/૦૩/૨૦૧૭.
કેસ રજુ તા.:૨૨/૦૩/૨૦૧૭.
કેસ ફેંસલ તા.:૧૩/૧૨/૨૦૧૯.
અવધિ :–વર્ષ. માસ. દિવસ.
૦૨ ૦૮ ૨૨

## ***મે. એડિશનલ સિનિયર સિવિલ જજ સાહેબની કોર્ટમાં, મુ.પાલિતાણા.***

**રે.દિ.મુ. નં.–૬૦૮/૨૦૧૯.**
**(જુનો રે.દિ.મુ. નં.–૪૪૪/૨૦૧૭).**

આંક– ૨૦

પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિ.
તે તેના નાયબ ઇજનેરશ્રી મારફત.
પાલિતાણા ટાઉન સબ–ડિવીઝન ખાતેની વિજ કંપની,
ઠે. પાલિતાણા, જિઃભાવનગર. ***.....વાદી.***

## વિરૂદ્ધ

શ્રી જાનમહમદ અબ્દુલભાઈ રાઠોડ
ઉ.વ.આ.–પુખ્ત,
રહે. ૫૦ વારીયા,
પાલિતાણા, જિઃભાવનગર. ***.....પ્રતિવાદી.***

## દાવોઃ–રૂ.૧૯,૧૪૫–૫૬ પૈસા વસુલ લેવા.....

---

*વાદી તરફે :–વિ.વ.શ્રી આર.એલ.પટેલ.*
*પ્રતિવાદી તરફે :–એકતરફી.*

---

## –ઃ ઠ રા વ ઃ–

**(૧)** વાદી કંપનીએ પ્રતિવાદી પાસેથી વિજ–ચોરીની લેણી રકમ રૂ.૧૯,૧૪૫–૫૬ પૈસા ૧૮% લેખે વ્યાજ અથવા રાષ્ટ્રીયકૃત બેન્કમાં લેવાતા ધિરાણ પરના દરે, બેમાંથી જે વધારે હોય તે પ્રમાણે વ્યાજસહિત વસુલ લેવા તથા દાવાના તમામ ખર્ચસહિત એકીસાથે વસુલ

મેળવવા અને જો પ્રતિવાદી તેવી રકમ વસુલ આપવામાં કસુર કરે તો,પ્રતિવાદીની જાત તથા હરેક પ્રકારની મિલ્કતમાંથી વસુલ થઈ શકે તેવુ હુકમનામુ મેળવવા તેમજ દાવાનો તમામ ખર્ચ પ્રતિવાદી પાસેથી મેળવવા હાલનો દાવો કરેલ છે.

(૨) વાદીના દાવાની ટુંકમાં હકીકત એવી છે કે,

વાદી કંપની ગુજરાત ઇલે. ઇન્ડસ્ટ્રીઝ(રી–ઓર્ગેનાઇઝેશન અને રેગ્યુલેશન) એકટ–૨૦૦૩ અન્વયે કાયદેસર રીતે નોંધાયેલ કંપની છે. વાદી કંપની વિજ ઉત્પાદન અને વિજ પુરવઠો પૂરો પાડવાની કાર્યવાહી કરે છે.

પ્રતિવાદી વાદી કંપનીના ગ્રાહક ન હોવા છતા તેમણે ગેરકાયદેસર રીતે, પાલિતાણાના મોજે ૫૦ વારીયા વિસ્તારમાં, પોતાની મિલ્કતની બાજુમાંથી પસાર થતી વાદી કંપનીની હળવા દબાણની લાઇનના પોલ ઉપર ડાયરેકટ વાયર જોડી, બીજો છેડો પોતાની મિલ્કત માંહે લાવી, ૨–ટયુબલાઈટ,૧–પંખા મળી કુલ– ૧૪૦ વોટનો બિન– અધિકૃત રીતે વિજ વપરાશ કરી, પાવર ચોરી કરતા હોવાનું તા.૦૭/૦૪/૨૦૧૬ ના રોજ વાદી કંપનીના અધિકારીઓ દ્વારા પ્રતિવાદીની હાજરીમાં ચેકીંગ કરતા માલુમ પડેલ. ત્યારબાદ વાદી કંપનીના નિયમાનુસાર પ્રતિવાદીને રૂ.૧૮,૦૧૯–૩૫ પૈસાનું વિજ–ચોરીનું બિલ આપેલ પરંતુ, પ્રતિવાદીએ સદર રકમ ન ચુકવતા, વાદી કંપનીએ તા.૧૦/૦૬/૨૦૧૬ ના રોજ પ્રતિવાદી ને રજિ.એ.ડી.થી વકીલ મારફત નોટીસ આપેલ, તેમ છતા પ્રતિવાદીએ વાદી કંપનીની સદર લેણી નીકળતી રકમ ન ચુકવતા,પ્રતિવાદી પાસે વાદી કંપનીના વિજ–ચોરીના બિલની બાકી રકમ રૂ.૧૮,૦૧૯–૩૫ પૈસા તથા તેના પર ડી.પી.સી.ની રકમ રૂ.૧,૧૨૬–૨૧ પૈસા મળી, કુલ રૂ.૧૯,૧૪૫–૫૬ પૈસા બાકી લેણા નીકળે છે. આમ, વાદી કંપનીએ પ્રતિવાદી પાસેથી પાવર ચોરીના રૂ.૧૯,૧૪૫–૫૬ પૈસા ૧૮% વ્યાજ તથા ખર્ચસહિત વસુલ લેવા સદર દાવો કર્યો છે.

**(૩)** નામ. ડિસ્ટ્રીકટ્ કોર્ટ–ભાવનગરના જાવક નં.બી.૫૧૧૫, તા.૦૧/૦૪/૨૦૧૯ ના રોજ થયેલ કચેરી આદેશ નં.–૩૯૩/૨૦૧૯, તા.૪/૪/૨૦૧૯ અનુસાર સદર દાવો નામ. એડિશનલ ડિસ્ટ્રીકટ્ જજશ્રી–ભાવનગરની અદાલતમાંથી અત્રેની અદાલતમાં ટ્રાન્સફર કરવામાં આવતા, તેને નવો રે.દિ.મુ. નં.–૬૦૮/૨૦૧૯ આપવામાં આવેલ છે.

**(૪)** પ્રતિવાદીને આંક–૦૫થી દાવાના સમન્સની યોગ્ય બજવણી થઈ ગયેલ હોવા છતા, પ્રતિવાદી જાતે કે તેમના તરફે કોઈ હાજર ન હોય, તા.૨૦/૦૯/૨૦૧૯ના રોજ અત્રેની અદાલત દ્વારા પ્રતિવાદી વિરૂદ્ધ સદર દાવો એકતરફી ચલાવવાનો હુકમ કરવામાં આવેલ.

**(૫)** તા.૨૦/૦૯/૨૦૧૯ના રોજ અત્રેની અદાલત દ્વારા આંક–૦૬થી નીચે મુજબના મુદ્દાઓ ઘડવામાં આવેલા છે :–

## <u>-: ISSUES :-</u>

*(1)* *Whether the plaintiff company proves that defendant has commited theft of electricity by illegally consuming the electricity as alleged in the plaint ?*

*(2)* *Whether the plaintiff proves that it is entitled to recover Rs.19,145-56 ?*

*(3)* *What is the rate of interest ?*

*(4)* *Whether the plaintiff entitled to get relief as prayed for ?*

*(5)* *What order and decree ?*

**(૬)** ઉપરોકત મુદ્દાઓ અંગેના નિર્ણયો નીચે મુજબ છે :–

*(૧)* *હકારમાં.*

*(૨)* *હકારમાં.*

(૩) *અંશત : હકારમાં. દાવા તારીખથી વસુલ થતા સુધી વાર્ષિક ૬% લેખે વ્યાજસહિત મેળવવા હક્કદાર છે.*

(૪) *અંશતઃહકારમાં.*

(૫) *આખરી હુકમ મુજબ.*

**(૭)** વાદી તરફે નીચે મુજબનો મૌખિક તથા દસ્તાવેજી પુરાવો રજુ થયેલ છે :–

| **ક્રમ.** | **–: મૌખિક પુરાવો :–** | **આંક.** |
|---|---|---|
| **૦૧.** | **ચિરાગભાઈ મનસુખભાઈ પરમાર, નાયબ ઇજનેર, પી.જી.વી.સી.એલ.–ટાઉન, પાલિતાણા સબ–ડિવીઝનનું સોગંદનામુ.** | **૦૭.** |

| **ક્રમ.** | **–: દસ્તાવેજી પુરાવો :–** | **આંક.** |
|---|---|---|
| **૦૧.** | **પ્રતિવાદીના લેઝરખાતાનો ઉતારો(લેઝર શીટ).** | **૦૯.** |
| **૦૨.** | **તપાસણી અહેવાલ(ચેકીંગ શીટ).** | **૧૦.** |
| **૦૩.** | **અસલ પંચ–રોજકામ.** | **૧૧.** |
| **૦૪.** | **એનેક્ષર–૪.** | **૧૨.** |
| **૦૫.** | **એ.બી.સી.ડી. ફોર્મ્યુલા શીટ.** | **૧૩.** |
| **૦૬.** | **પુરવણી બિલનો કવરીંગ લેટર.** | **૧૪.** |
| **૦૭.** | **પુરવણી બિલ.** | **૧૫.** |
| **૦૮.** | **વાદી તરફથી પ્રતિવાદીને આપેલ લિગલ–નોટીસ તથા પોસ્ટ સ્લીપ.** | **૧૬.** |
| **૦૯.** | **નોટીસ બજ્યાની એકનોલેજમેન્ટ તથા કવર** | **૧૭.** |
| **૧૦.** | **સ્યુટ પ્રપોઝલ(પ્રફોર્મા નં.–૧૨).** | **૧૮.** |
| **૧૧.** | **વાદી તરફે ક્લોઝીંગ પુરસીસ.** | **૧૯.** |

## –: કા ર ણો :–

વાદીના વિ.વ.શ્રીની મૌખિક દલીલો સાંભળી. પ્રતિવાદી તરફે એકતરફી હુકમ થયેલ હોય, કોઈ હાજર નથી.

(૮) ***મુદ્દા નંબર–૧ તથા ર :–***

વાદી કંપનીના નાયબ ઇજનેરે તેમની એફિડેવીટ આ કામે આંક–૭થી રજુ કરેલ છે, જેમાં તેમણે દાવા અરજીની તમામ વિગતોને સમર્થન આપેલ છે. વધુમાં તેઓ જણાવે છે કે, પ્રતિવાદી વાદી કંપનીના ગ્રાહક ન હોવા છતા તેમણે ગેરકાયદેસર રીતે, પાલિતાણાના મોજે ૫૦ વારીયા વિસ્તારમાં, પોતાની મિલ્કતની બાજુમાંથી પસાર થતી વાદી કંપનીની હળવા દબાણની લાઇનના પોલ ઉપર ડાયરેકટ વાયર જોડી, બીજો છેડો પોતાની મિલ્કત માંહે લાવી, ર–ટયુબલાઈટ,૧–પંખા મળી કુલ– ૧૪૦ વોટનો બિન– અધિકૃત રીતે વિજ વપરાશ કરી, પાવર ચોરી કરતા હોવાનું તા.૦૭/૦૪/ર૦૧૬ ના રોજ વાદી કંપનીના અધિકારીઓ દ્વારા પ્રતિવાદીની હાજરીમાં ચેકીંગ કરતા માલુમ પડેલ. ત્યારબાદ વાદી કંપનીના નિયમાનુસાર પ્રતિવાદીને રૂ.૧૮,૦૧૯–૩૫ પૈસાનું વિજ–ચોરીનું બિલ આપેલ પરંતુ, પ્રતિવાદીએ સદર રકમ ન ચુકવતા, વાદી કંપનીએ તા.૧૦/૦૬/ર૦૧૬ ના રોજ પ્રતિવાદી ને રજિ.એ.ડી.થી વકીલ મારફત નોટીસ આપેલ, તેમ છતા પ્રતિવાદીએ વાદી કંપનીની સદર લેણી નીકળતી રકમ ન ચુકવતા,પ્રતિવાદી પાસે વાદી કંપનીના વિજ–ચોરીના બિલની બાકી રકમ રૂ.૧૮,૦૧૯–૩૫ પૈસા તથા તેના પર ડી.પી.સી.ની રકમ રૂ.૧,૧ર૬–ર૧ પૈસા મળી, કુલ રૂ.૧૯,૧૪૫–૫૬ પૈસા પૈસા વાદી કંપનીના લેણા પડે છે. વધુમાં, તા.૧૦/૦૬/૧૬ ના રોજ વાદી કંપનીએ પ્રતિવાદી ને પાવર ચોરીની સદર રકમની ચુકવણી માટે રજિ.એ.ડી.થી નોટીસ આપેલ જે નોટીસ તેઓને બજી ગયેલ હોવા છતા, પ્રતિવાદીએ સદર નોટીસનો જવાબ આપવાની દરકાર કરેલ નથી કે લેણી રકમ વાદી કંપનીમાં જમા કરાવેલ ન હોય, વાદી કંપનીએ હાલનો દાવો કરેલ છે.

વધુમાં, વાદી કંપની દ્વારા પોતાના દાવાના સમર્થનમાં આ કામે આંક–૦૯થી પ્રતિવાદીના લેઝરખાતાનો ઉતારો(લેઝર શીટ), આંક–૧૦થી તપાસણી અહેવાલ(ચેકીંગ શીટ), આંક–૧૧થી અસલ પંચ–રોજકામ, આંક–૧રથી એનેક્ષર–૪, આંક–૧૩થી એ.બી.સી.ડી. ફોર્મ્યુલા શીટ, આંક–૧૪થી પુરવણી બિલનો કવરીંગ લેટર, આંક–૧૫થી પુરવણી બિલ,

આંક–૧૬થી વાદી તરફથી પ્રતિવાદીને આપેલ લિગલ–નોટીસ તથા પોસ્ટ સ્લીપ, આંક–૧૭થી નોટીસ બજ્યાની એકનોલેજમેન્ટ તેમજ આંક–૧૮ થી સ્યુટ પ્રપોઝલ(પ્રફોર્મા નં.–૧૨) વિગેરે દસ્તાવેજો રજુ કરેલા છે.

**(૯)** આમ, પ્રતિવાદી ચોરીથી પાવર વપરાશ કરતા હોવાનું જણાય આવતા, કાયદાની કલમ–૧૨૬ મુજબ એ, બી, સી, ડી ફોર્મ્યુલા મુજબ ગણતરી કરી, રૂ.૧૮,૦૧૯–૩૫ પૈસાનું બિલ બનાવી, નોટીસ સાથે બિલ પ્રતિવાદીને મોકલવામાં આવતા, પ્રતિવાદીએ બિલ સામે કોઇ વાંધા નહીં લેતા અને રકમ ભરપાઈ નહીં કરતા, તે વિજ–ચોરીના બિલની બાકી લેણી રકમ વસુલ લેવા પ્રતિવાદીને નોટીસ આપી હોવા છતા, આ રકમ ભરપાઈ નહીં કરતા, પ્રતિવાદી પાસે રૂ.૧,૧૨૬–૨૧ પૈસા ડી.પી.સી.ની રકમ વસુલ કરવાને પાત્ર થાય છે અને તે મળીને કુલ રૂ.૧૯,૧૪૫–૫૬ પૈસા વસુલ લેવા માટેનો વાદીનો આ દાવો છે અને આવુ બિલ મળ્યા બાદ, પ્રતિવાદીએ સદર બિલ બાબતે તેઓને તકરાર હોય તો, તે સબબ એપેલેટ ઓથોરીટીને ઇલેકટ્રીસિટી એકટ–૨૦૦૩ની કલમ–૧૨૭ અન્વયે કોઇ અપીલ કરેલ નથી. જેથી માનવાને કારણ રહે છે કે, વાદીએ આંક–૧૫થી પ્રતિવાદીને ઇશ્યુ કરેલ બિલ બાબતે પ્રતિવાદીને કોઇ તકરાર નથી અને જેના કારણે તેઓએ આ બિલ ઇલેકટ્રીસિટી એકટ–૨૦૦૩ની કલમ–૧૨૭ મુજબ એપેલેટ ઓથોરીટી રૂબરૂ પડકારેલ પણ નથી કે, તે બિલની આકારણી ખોટી હોવા અંગેની કોઇ તકરાર પણ ઉઠાવેલ નથી.

આમ, ઉપરોકત વાદીની જુબાની, રેકર્ડ પર રજુ થયેલ પુરાવાઓ અને કાયદાની જોગવાઈ ધ્યાને લેવામાં આવે તો, પ્રતિવાદીને આંક–૧૫થી આકારણી કરી, જે રકમનું પ્રોવિઝનલ બિલ પાઠવેલ છે તે નહી માનવાને અત્રેની કોર્ટને કોઇ કારણ નથી. પ્રતિવાદીને સમન્સની યોગ્ય બજવણી થવા છતા તેમજ ન્યાયી અને વ્યાજબી તકો આપવા છતા, તેમણે આ કામે દાવાનો જવાબ આપવાની કે પુરાવો આપવાની દરકાર લીધેલ નથી. વધુમાં પ્રતિવાદી એ વાદી કંપનીના નાયબ ઇજનેરની ઉલટતપાસ કરેલ હોય તેવુ પણ બનેલ નથી. આમ, વાદી કંપની પુરવાર કરે છે કે પ્રતિવાદીએ વાદી કંપનીના ગ્રાહક ન હોવા છતા, અનધિકૃત રીતે

રૂ.૧૯,૧૪૫–૫૬ પૈસાની વિજ–ચોરી કરેલી અને સદર વિજ–ચોરીની રકમ પ્રતિવાદી વાદી કંપનીને વ્યાજસહિત ચુકવવા જવાબદાર બને છે. જેથી, મુદ્દા નંબર–૧ તથા ૨નો જવાબ હકારમાં આપવામાં આવે છે.

**(૧૦)** ***<u>મુદ્દા નંબર–૩, ૪ તથા ૫ :–</u>***

આ કામે મુદ્દાનંબર–૩ જોવામાં આવે તો, વાદી વ્યાજ મેળવવા હક્કદાર હોય તો, શું દરથી ? ; આ મુદ્દા અંગે રેકર્ડ પરના પુરાવાનું મુલ્યાંકન કરવામાં આવે તો, ઉપરોકત મુદ્દાની ચર્ચાને અંતે એ બાબત સ્પષ્ટ છે કે વાદી પ્રતિવાદી પાસે બાકી નિકળતા બિલની લેણી રકમ મેળવવા હક્કદાર છે અને તે રકમ પ્રતિવાદીએ આજ સુધી ભરપાઈ કરેલ નથી. વધુમાં, વાદી કંપની એ જાહેર સંસ્થા છે અને તેઓ વિજ–પુરવઠો પૂરો પાડવાની કામગીરી કરે છે અને તેમાં, કંપનીના નાણા રોકાયેલ હોય, વાદી કંપનીને પોતાના ગ્રાહક પાસેથી બાકી લેણા પેટે જો વ્યાજ અપાવવામાં ન આવે તો વાદી કંપનીને નાણાકીય રીતે નુકસાન થાય તેમ હોય, વાદી કંપની બિલની લેણી રકમ ઉપર વ્યાજ મેળવવા હક્કદાર હોવાનું ઠરાવવામાં આવે છે.

**(૧૧)** હવે, આ કામે વાદી કઇ રકમ ઉપર વ્યાજ મેળવવા હક્કદાર છે અને તે વ્યાજ ક્યારથી અને કેટલુ હોવું જોઇએ ? તે અંગે જોવામાં આવે તો આ કામે વાદી દ્વારા પ્રતિવાદી પાસેથી બિન–અધિકૃત વિજ–વપરાશ તથા વિજચોરીના બિલની બાકી રકમ રૂ.૧૮,૦૧૯–૩૫ પૈસા તથા તેના ઉપર ડી.પી.સી.ની રકમ રૂ.૧,૧૨૬–૨૧ પૈસા મળી, કુલ રૂ.૧૯,૧૪૫–૫૬ પૈસા પૈસા લેણા પડે છે, તે રકમ ઉપર ૧૮ ટકા લેખે વ્યાજ માંગવામાં આવેલ છે પરંતુ, ડી.પી.સી. ચાર્જ એ એક પ્રકારે બાકી રકમનું પીનલ વ્યાજ ગણાય અને તે અંગે *<u>નામ. સુપ્રિમ કોર્ટ દ્વારા સેન્ટ્રલ બેન્ક ઓફ ઇન્ડીયા વિ. રવિન્દ્ર</u>*ના કેસમાં આપવામાં આવેલ ચુકાદો કે જે *<u>એ.આઇ.આર.–૨૦૦૧, પાનુ–૩૦૯૫</u>* પર પ્રસિદ્ધ થયેલ છે, તેને ધ્યાને લેતા, વ્યાજની રકમને મુદ્દલમાં સાંકળી લઇ, તે રકમ ઉપર ફરીથી વ્યાજ આપી શકાય નહીં. આમ, ઉપરોકત મુદ્દા નંબર–૧માં ચર્ચા કર્યા મુજબ આ કામે પ્રતિવાદી પાસે વાદી કંપનીના બિન–અધિકૃત વિજ–

વપરાશ તથા વિજ–ચોરીના રૂ.૧૮,૦૧૯–૩૫ પૈસા બાકી લેણા પડે છે, તેટલી જ રકમ વ્યાજની ગણતરી માટે મુળ લેણી રકમ ગણાય. હવે, આ રકમ ઉપર વાદીને કેટલુ અને કયારથી વ્યાજ મળવુ જોઇએ ? તે અંગે જોવામાં આવે તો આ કામે વાદી કંપની દ્વારા પ્રતિવાદી પાસેથી લેણી રકમ ઉપર દાવા તારીખથી રકમ વસૂલ મળે, ત્યાં સુધી ૧૮ ટકા વ્યાજ અપાવવા માંગણી કરેલ છે ત્યારે, દિવાની કાર્યરીતિ સંહિતાની કલમ–૩૪ જોવામાં આવે તો, તેમાં વ્યાજ અંગેની જોગવાઈ કરવામાં આવેલ છે, તે જોગવાઈ અનુસાર હુકમનામુ નાણા આપવા માટેનું હોય ત્યારે, કોર્ટે જે મુદ્દલ રકમ ફેંસલાથી નક્કી થયેલ હોય, તેના ઉપર દાવો માંડયા પહેલાની કોઇ મુદ્દતનું વ્યાજ નક્કી થયુ હોય, તે વ્યાજ ઉપરાંત દાવાની તારીખથી તે હુકમનામાની તારીખ સુધીનું, તેની સાથે મુદ્દલ રકમ પર હુકમનામાની તારીખથી ચૂકવણીની તારીખ સુધીનું અથવા તેનાથી પહેલાની તારીખ સુધીનું પોતાને વ્યાજબી લાગે તેટલુ વાર્ષિક ૬ ટકા કરતા વધારે ન હોય તેવા દરે વધારે વ્યાજ અપાવવાનો હુકમ કરી શકશે અને વધુમાં, એવી જોગવાઈ કરવામાં આવેલ છે કે, એવી ઠરાવેલ રકમના સંબંધમાં પક્ષકારો વચ્ચે વાણિજ્યિક લેવડ–દેવડમાંથી જવાબદારી ઉભી થઇ હોય તો, વ્યાજનો દર વર્ષે ૬ ટકા કરતા વધુ રહી શકશે ; પરંતુ, તે વ્યાજ અંગે કોઇ કરાર અસ્તિત્વમાં હોય તો, તે કરારમાં ઠરાવેલ દર કરતા અથવા તેવા કરારમાં દર ઠરાવ્યો ન હોય ત્યારે, રાષ્ટ્રીયકૃત બેન્ક જે દરે નાણા ઉછીના આપતી હોય કે, ધીરતી હોય તે દર કરતા વધુ વ્યાજ અપાવી શકાય નહીં. હવે, આ કામે જ્યારે, વાદી–પ્રતિવાદી વચ્ચે વ્યાજ અંગે કોઇ કરાર થયેલ હોય તેવું રેકર્ડ પર આવેલ ન હોય તેમજ વાદી–પ્રતિવાદી વચ્ચેનો વ્યવહાર વાણિજ્યિક લેવડ–દેવડનો પણ વ્યવહાર નથી ત્યારે, કલમ–૩૪ અનુસાર વાદીને ૬ ટકાથી વધુ દરે વ્યાજ આપી શકાય તેમ ન હોય ત્યારે, વાદી કંપનીને તેની બિન–અધિકૃત વિજ–વપરાશની લેણી રકમ રૂ.૧૮,૦૧૯–૩૫ પૈસા ઉપર જો વાર્ષિક ૬ ટકા લેખે પ્રતિવાદી પાસેથી સાદુંવ્યાજ અપાવવામાં આવે અને તે વ્યાજ દાવા તારીખથી લેણી રકમ વસૂલ થતા સુધીનું અપાવવામાં આવે તો, તે ન્યાયી અને વ્યાજબી ગણાશે. આમ, રેકર્ડ પરનો તમામ પુરાવો ધ્યાને લેતા, વાદી કંપની પ્રતિવાદી પાસેથી વિજ–વપરાશની લેણી રકમ

રૂ.૧૮,૦૧૯–૩૫ પૈસા ઉપર દાવા તારીખથી વસૂલ થતા સુધી વાર્ષિક ૬ ટકાના સાદાવ્યાજ સાથે વસૂલ મેળવવા હક્કદાર હોવાનું ઠરાવવામાં આવે છે. વધુમાં, આ કામે જ્યારે વાદી કંપની દ્વારા પ્રતિવાદી પાસે તેના વિજ–વપરાશ તથા વિજ–ચોરીના મળી, કુલ રૂ.૧૯,૧૪૫–૫૬ પૈસા લેણા પડતા હોવાનું આગળ ઉપર મુદ્દા નંબર–૧માં ચર્ચા કરી ગયા તે પ્રમાણે રજુ થયેલ રેકર્ડ પરથી પુરવાર થયેલ છે. તેવા સંજોગોમાં, મુદ્દાનંબર–૩ તથા ૪નો જવાબ ઉપર જણાવી ગયા તે પ્રમાણે આપી, મુદ્દાનંબર–૫ પરત્વે નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

**–:/((હુ ક મ))/:–**

(૧) વાદીનો દાવો આથી **''અંશતઃમંજુર''** કરવામાં આવે છે.

(૨) આ કામના પ્રતિવાદીએ વાદી કંપનીને વિજ–વપરાશ તથા વિજ–ચોરીના રૂ.૧૮,૦૧૯–૩૫ પૈસા તથા તેના ઉપર ડી.પી.સી.ની રકમ રૂ.૧,૧૨૬–૨૧ પૈસા મળી, કુલ રૂ.૧૯,૧૪૫–૫૬ પૈસા(અંકે રૂપિયા ઓગણીસહજાર એકસો પીસતાળીસ અને છપ્પન પૈસા પુરા) ચૂકવી આપવાનો તથા વિજ–વપરાશની મુદ્દલ રકમ રૂ.૧૮,૦૧૯–૩૫ પૈસા ઉપર દાવા તારીખથી રકમ વસૂલ થતા સુધી વાર્ષિક ૬ ટકાના દરે સાદુંવ્યાજ ચૂકવવાનો તથા પ્રતિવાદીએ સદર તમામ રકમ એકીસાથે વાદી કંપનીને ચૂકવી આપવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) જો પ્રતિવાદી વાદી કંપનીની લેણી રકમ વસૂલ આપવામાં કસૂર કરે તો, વાદી કંપની પ્રતિવાદીની જાત તથા તમામ મિલકતથી સદરહું લેણી રકમ વસૂલ મેળવવા હક્કદાર રહેશે તેવુ આથી ઠરાવવામાં આવે છે.

(૪) પ્રતિવાદીએ આ દાવાનો ખર્ચ વાદીને ચૂકવી આપવો.

(૫) હુકમ મુજબ હુકમનામુ દોરવુ.

હુકમ આજ તારીખ–૧૩, માહે–ડિસેમ્બર, સને–૨૦૧૯ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી, જાહેર કર્યો.

સ્થળ : પાલિતાણા.

(કુ. એસ.પી.પટેલ)
એડિશ્નલ સિનિયર સિવિલ જજ, પાલિતાણા.
(કોડ નં.–જી.જે.–૦૧૧૨૩).

બી.કે.ચૌહાણ.